


# શહેરમાં 'શૂરગાથા ગુજરાતની' કાર્યક્રમ

## 'સુરમધુર' દ્વારા ૧૭મીએ સાંજે ઓપનએર થિયેટર ખાતે ભવ્યાતિભવ્ય મલ્ટીમીડિયા શો યોજાશે : રાજયપાલશ્રીના હસ્તે દિપ પ્રાગટય

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરની ત્રણ ત્રણ દાયકાથી સાંસ્કૃતિક ક્ષેત્રે કાર્યરત સંસ્થા 'સુરમધુર' દ્વારા આગામી તા. ૧૭ માર્ચના રોજ સેકટક-૧૬, ઘ-૫ ઓપનએર થિયેટર ખાતે સાંજના સમયે મલ્ટીમીડીયા શો, 'શૂરગાથા ગુજરાતની' રજુ થશે. શહેરના સાંસ્કૃતિક જગતના ઈતિહાસમાં કયારેય પ્રસ્તુત ન થયો હોય તેવો એક સાથે ૬ માધ્યમોના પ્રયોગ સાથેનો વિશિષ્ટ કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં દશ્ય, શ્રાવ્ય, નાટય, નૃત્ય જેવા માધ્યમો ઉપરાંત વીઝયુલ ઈફેકટ અને સરાઉન્ડ સાઉન્ડ ટેકનોલોજી, રંગમંચ પર ૧૦૦૦ ચો. ફૂટના વિશાળ એલઈડી સ્ક્રીન પર બદલાતા સેટસ, મલ્ટી ટ્રેક સરાઉન્ડ સાઉન્ડ અને નયનરમ્ય લાઈટ ઈફેકટથી સજાવેલ આ કાર્યક્રમમાં ૧૦૦ ઉપરાંત કલાકાર કસબીઓ પોતાનું કૌવત બતાવશે.

ગુજરાતના માનનીય રાજયપાલશ્રી ઓ.પી.કોહલીજીના વરદ હસ્તે દીપ પ્રગાટય કરી આ કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવશે અને ગરવા ગુજરાતના ભવ્ય ઈતિહાસની લગભગ ૨૦ જેટલી શૌર્ય કથાઓને પ્રસ્તુત કરતા આ કાર્યક્રમની રજૂઆત કરવામાં આવશે.

ગાંધીનગર કલા જગતના એક મહાયજ્ઞ સમા આ કાર્યક્રમનું કથાલેખન દોલત ભટ્ટે કર્યુ છે. જયારે પટકથા સંવાદ સ્વ. રૂદ્રદત્તા રાણા, ધ્વનિલ પારેખ અને મયંક દવેના છે. પરિકલ્પના અને શો ડીરેકશન 'સુરમધુર ટ્રસ્ટ'ના




મેનેજીંગ ટ્રસ્ટી મયંક દવેનું છે. આ પ્રસ્તુતિમાં રજુ થતા નાટય મંચનનું દિગ્દર્શન ગાંધીનગરના બાહોશ અને રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા દિગ્દર્શક અપ્સર સૈયદનું છે. પહાડી અવાજના માલિક અભેસિંહ રાઠોડના શૌર્ય નિતરતો કંઠ, મહાભારત સિરિયલ ફેઈમ હરિશ ભીમાણી અને સફળ ડાયરાઓનાં સંચાલક ડૉ. રણજીત વાંકનાં પ્રવકતા અને સૂત્રધાર તરીકેના ઘેઘૂર અવાજને પાર્શ્વ સંગીતથી મઢયુ છે ધાર્મિક દવેએ જયારે વિઝયુએલ ઈફેકટ નંદ દવેએ તૈયાર કરી છે સિનેમેટોગ્રાફી ચંદ્ર ફોટો સ્ટુડિયો, લાઈટસ 'હેરી', રંગમંચ સુભાષ ભટ્ટ અને ધ્વનિ પ્રસારણ 'મહેશ સાઉન્ડ' અને મલ્ટી સરાઉન્ડ સાઉન્ડ ટેકનોલોજી 'સ્ટુડિયો સુરમધુર' દ્વારા કરવામાં આવી છે. જયારે કાર્યક્રમના સ્થળની સુંદર સજાવટ 'અભય ડેકોરેટર'નાં યુસુફ મનસુરી દ્વારા કરવામાં આવી છે.

આ કાર્યક્રમ માટે ગાંધીનગરના જ ૧૦૦ ઉપરાંત કલાકાર કસબીઓની સાથે 'સુરમધુર'ની મહેન્દ્ર આણદાણી સંચાલિત ભગિની સંસ્થા, શ્રી પટેલ રાસમંડળી, લતીપુરના ૨૫ જેટલા કલાકારો અને નૃત્યકારોના અથાગ પ્રયત્નો પુરુષાર્થ અને ઈશ્વર પ્રત્યેની અતૂટ શ્રધ્ધા આ કાર્યક્રમને જબરદસ્ત સફળતા અપાવી ગાંધીનગરના જનો માટે એક કાયમી યાદગાર સંભારણું ઉભુ કરશે.

આ કાર્યક્રમ સંપૂર્ણ નિ:શુલ્ક છે. પરંતુ પ્રવેશ ફકત પ્રવેશ પત્રના આધારે જ છે જે માટેના નિમંત્રણ કાર્ડ અગાઉથી મયંક દવે ૯૪૨૬૦૨૨૭૨૬, અપ્સર સૈયદ ૯૯૨૫૦ ૧૦૯૪૦, દિપેશ પટેલ ૯૫૫૮૮ ૧૬૯૧૧, દોલત ભટ્ટ ૯૮૨૫૫ ૨૬૨૫૫, નંદ દવે ૭૬૯૮૭૩૪૫૪૩ અને ગાંધીનગર સમાચાર કાર્યાલય ઉપર મળશે.

## @ગાંધીનગર

● રેશનલ સમાજ ગાંધીનગર દ્વારા શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે પ્લોટ નં. ૬૧/૧, ઘ ટાઈપ સેકટર-૨૩ ખાતે સમાજની બેઠક યોજાશે.

● સે-૧૨, સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમ હોલ ખાતે બપોરે ૨.૩૦ કલાકે ગુડાના રાયસણ ખાતે આવેલ આવાસોનું લોકાર્પણ કરાશે.

● ભટ્ટ હિ.વા.ચે.પ્રા. પ્રા. શાળા પરિવાર દ્વારા સવારે ૮.૩૦ કલાકે શાળાના ઉપાસના હોલ નારદીપુર ખાતે વાર્ષિકોત્સવ યોજાશે.

## ગાંધીનગર વૈષ્ણવ સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર વૈષ્ણવ સમાજની કારોબારી સમિતિની બેઠક સે-૨૧, શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે મળી હતી. આ બેઠકમાં સર્વાનુમતે ત્રીજી વખત સમાજના પ્રમુખ તરીકે દિનેશ એફ. શાહ, માનદ મંત્રી તરીકે રસીકભાઈ ગાંધી, મંત્રી તરીકે ચંદ્રકાંત અડાલજાની વરણી કરવામાં આવી છે તેમજ અન્ય સભ્યોની સેવાઓ યથાવત રાખવામાં આવી છે. આ બેઠકના અંતે ડી.એફ. શાહ એ જણાવ્યુ હતું કે હવેલી મંદિરને ૨૦૧૭માં રજતજયંતિ વર્ષની ઉજવણી કઈ રીતે કરવી આ વિષય અંગે ચર્ચા વિચારણા કરી હતી.



સ્વાઈન ફલૂની વકરતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સ્વાઈન ફલૂના દર્દીઓની હોસ્પિટલમાં વધુ સારી રીતે ગહન સારવાર કરી શકાય અને આ રોગચાળાનું નિયમન કરી શકાય તે હેતુથી સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલૂની સારવાર સાથે સંકળાયેલ નર્સોનો કમ્યુનિટી મેડિસિન વિભાગના વડા ડૉ. પી.બી. વર્માના માર્ગદર્શન હેઠળ ડૉ. નિલેશ ઠાકોર દ્વારા સ્વાઈન ફલૂ અંગે સેમિનાર યોજાઈ ગયો. જેમાં ડૉ. નિલેશ ઠાકોર એ સ્વાઈન ફલૂની સારવાર અને દર્દીની હોસ્પિટલમાં માવજત પર વધુ ભાર મૂકયો હતો. અંતે તમામ નર્સ બહેનો હોસ્પિટલમાં દાખલ થતાં સ્વાઈન ફલૂના દરેક દર્દીને ગહન સારવાર આપવા કટિબદ્ધ થઈ હતી.

# આઈસીએ દ્વારા આયોજિત સ્ટુડન્ટસ કન્વેન્શનમાં બીબીએ કોલેજ ઝળકી

## બીબીએ કોલેજના ૭૩ વિદ્યાર્થીઓ દ્વારા ૧૪ શોધ-સંશોધન પત્રો રજૂ કરાયા : પ્રથમ ત્રણેય ક્રમે બીબીએ કોલેજની ટીમો વિજેતા બની

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના ૭૩ વિદ્યાર્થીઓએ અમદાવાદના એએમએ ખાતે ધી ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ કૉસ્ટ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત સ્ટુડન્ટસ કન્વેન્શનમાં ૧૪ શોધ સંશોધન પત્રો રજુ કર્યા હતા. આ કન્વેન્શનમાં બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયેલ સંશોધન પત્રોએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણેય ક્રમે વિજેતાપદ હાંસલ કર્યું હતું.

ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ કૉસ્ટ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત સતત દ્વિતિય કોન્ફરન્સમાં યોજાયેલ સ્ટુડન્ટસ કન્વેન્શનમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એમ.એન. પટેલ તથા મુખ્યઅતિથિ પદે ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બીબીએના પ્રિન્સિપાલ ડૉ.




રમાકાન્ત પૃષ્ટી ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસાયિક ક્ષેત્રને વેગવંતો બનાવવા તેના ઓપરેશન્સ, માર્કેટીંગ અન્ય સમસ્યાઓ તેમજ વ્યવસાયનો વ્યાપ અને વ્યુહાત્મકતા જેવા અનેક પાસાઓ પર શોધ-સંશોધન ખુબ જ આવશ્યક હોય છે. બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ રજુ કરેલા સંશોધન પત્રોની ગુણવત્તા જોઈ ઉપસ્થિત મહાનુભાવોએ ખુશી વ્યકત કરી હતી. પ્રથમ ક્રમે વિજેતા થનાર ટોપમાં ચિંતન લાડાણી, રોશની સથવારા, ગબ્બરસિંહ રાઠોડ, સંતોષ સોલંકી, સંજય રાઠોડ, અર્ચના પટેલ, ખુશ્બુ રાજાયી, યશસ્વી પઢીયારનો સમાવેશ થાય છે. દ્વિતિય ક્રમે વિજેતા થનાર ટીમમાં સ્વામી વિવેકાનંદ ભટ્ટ, સ્મિત પટેલ, નિકેત શર્મા, ગોરલબેન પટેલ, નિકિતા પટેલ, જયદીપસિંહ રાઠોડ, નિકુંજ પટેલ તથા તૃતીય ક્રમે વિજેતા થનાર ટીમમાં સ્નેહા ગામેતી, હર્ષ, રામભાઈ, તેજલ, રનક અને જયંતિનો સમાવેશ થાય છે. પ્રથમ ક્રમે વિજેતા તમામ સ્પર્ધકને રૂ. ૧૦૦૦, દ્વિતિય ક્રમે રૂ.૭૫૦ અને તૃતીય ક્રમે વિજેતા સ્પર્ધકોને રૂ. ૫૦૦નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં આઈસીએઆઈના વેસ્ટર્ન રીજીયોનલ ચેરમેન, વાઈસ ચેરમેન, કોચિંગ કમિટિના ચેરમેન પી.ડી. મોઢ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓનો પગાર ઘણા સમયથી અટકેલો હતો. જો કે તાજેતરમાં જ આ પગાર ચુકવાઈ જતા કર્મચારીઓના ચહેરા પર આનંદ અને કાર્યમાં સ્ફૂર્તિ જણાઈ રહી છે.

● ગાંધીનગરની કોલેજોમાં બીજા અને ત્રીજા વર્ષની ઈન્ટરનલ પરીક્ષાઓ ચાલુ છે. આ પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની ઈન્ટરનલ પરીક્ષાઓ યોજાશે.

● ચાંદખેડાની વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે ટેકનિકલ ફેસ્ટિવલ ૨૦૧૬ યોજાયો છે. આ ટેકફેસ્ટ ૨૦૧૬ના અગાઉના દિવસે હેકોથોન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૩૦ કલાકની ચેલેન્જ ઉકેલવા ૨૦ ટીમોના ૧૦૦થી વધુ કોડર્સે ભાગ લીધો હતો.

● ગાંધીનગરમાં ઉનાળાનું આગમન થતા એનેક ઠેકાણ ટોપીનું વિતરણ કરતા ફેરિયા જોવા મળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે શિયાળાની ઋતુ દરમિયાન નગરમાં રંગબેરંગી 'કોટી' વેચાણ કરતા ફેરિયાઓએ ખાસ્સુ આકર્ષણ જમાવ્યું હતું.

## 'વરેણ્યમ્' ગાયત્રી મંદિરે આયોજિત પ્રવચન

ગાંધીનગર, તા.૧૧

'વરેણ્યમ્' ગાંધીનગર આયોજિત પ્રવચન શૃંખલાનો છઠ્ઠો મણકો વિષય 'કોણ વધુ શકિતશાળી? માનવે બનાવેલ ભગવાન, કે ભગવાને બનાવેલ માનવ' વિષય પર અમેરિકા સ્થિત હોલીસ્ટીક હીલર શ્રી નટુભાઈ પટેલ શનિવાર તા. ૧૨મી માર્ચના રોજ સાંજે સાડા પાંચ વાગે ગાયત્રી મંદિર સે-૧માં વકતવ્ય આપે. રસ ધરાવતા વ્યકિતઓને હાજર રહેવા જણાવેલ છે.

# એનઆઈડી ખાતે દિપકપુરીના ફોટોગ્રાફી કલેકશનનું પ્રદર્શન

## ટાઈમ મેગેઝીનના સાઉથ એશિયાના પૂર્વ જનરલ મેનેજર તથા ફોટો એડિટર દ્વારા ૩૦ ફોટોગ્રાફર્સના અદભુત ફોટોગ્રાફસનું કલેકશન : પ્રદર્શન તા. ૨૦મી માર્ચ સુધી ચાલશે



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલ એનઆઈડી કેમ્પસ ખાતે આંતરરાષ્ટ્રીય મેગેઝીન 'ટાઈમ'ના સાઉથ એશિયા બ્યુરોના પૂર્વ જનરલ મેનેજર તથા ખ્યાતિ પ્રાપ્ત ફોટો એડીટર દિપક પુરી દ્વારા ૩૦ વર્ષના ફોટો કલેકશનનું પ્રદર્શન યોજાયું છે. આ પ્રદર્શન એનઆઈડી કેમ્પસ ખાતે તા. ૨૦મી માર્ચ સુધી દરરોજ સાંજે ૪ થી ૮ વાગ્યા દરમિયાન ખુલ્લુ રહેશે.

દિપક પુરી દ્વારા કરાયેલ ફોટોગ્રાફી કલેકશન એ ૨૦મી સદીનું ખૂબ જ મહત્વનું કલેકશન ગણાય છે. આ કલેકશન ફોટોગ્રાફી જર્નાલિઝમ ક્ષેત્રે મહત્વના માઈલસ્ટોન સમુ છે. આ પ્રદર્શનમાં કુલ ૩૦ ફોટો જર્નાલિસ્ટ દ્વારા લેવાયેલ અદભુત ફોટોગ્રાફીનું બેનમૂન મ્યુઝિયમ સમુ પ્રદર્શન કરાયું છે. આ પ્રદર્શનમાં વૈશ્વિક સ્તરે ફોટોગ્રાફી જર્નાલિઝમના શોખીનો માટે આ પ્રદર્શન ખૂબ જ અનરો અને અમૂલ્ય લ્હાવો બની રહેશે તેવું જણાય છે.

# ઈન્ફોસીટી સ્થિત પંજાબ પરાઠા હાઉસમાંથી દારૂની બોટલો મળી

## અડાલજની વાવ પાસેથી દારૂ લઈને બાઈક પર જતા બે રાજસ્થાની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના હાઈ પ્રોફાઈલ વિસ્તાર ઈન્ફોસીટી સુપરમોલ-૧ ખાતે સ્થિત પંજાબ પરાઠા હાઉસ નામની હોટલમાંથી વિદેશ દારૂની બોટલો મળી આવતા ચકચાર મચી જવા પામી છે તે ઉપરાંત અડાલજની વાવ નજીકથી પણ પોલીસે દારૂ લઈને બાઈક પર જઈ રહેલા બે રાજસ્થાની શખ્સોને પકડી પાડયા છે. ઈન્ફોસીટી પોલીસે હોટલમાંથી પકડાયેલા દારૂનો અને અડાલજ પોલીસે બાઈકમાં દારૂની હેરાફેરીનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈન્ફોસીટી સુપરમોલ-૧ ખાતે પંજાબ પરાઠા હાઉસમાં દરોડો પાડીને આજે બપોરે ઈન્ફોસીટી પોલીસે વિદેશી દારૂની ૧૨ બોટલ પકડી પાડી હતી. હોટલ સંચાલક મંથન પ્રવિણકુમાર પોરીયા (રહે. સહજાનંદ સીટી, કુડાસણ) અને મહેન્દ્ર ક્રિશ્નારામ પ્રજાપતિ (રહે. આદર્શનગર, સે-૨૪) બંનેની ધરપકડ કરી પુછપરછ કરતા ધ્યાને આવ્યું કે કોઈને પ્રસંગ માટે દારૂ જોઈતો હોવાથી કોલવડાના બુટલેગર પુનમ રાવળ પાસેથી દારૂ મંગાવ્યો હતો. બુટલેગર દારૂ મુકીને ગયો ત્યાં પોલીસનો દરોડો પડયો...! તો બીજી તરફ અડાલજ પોલીસે અડાલજ વાવ નજીકથી બાઈક પર દારૂની હેરાફેરી કરતા બે રાજસ્થાની શખ્સોને પકડી પાડયા છે. રાજસ્થાનના નરેન્દ્રસિંહ બાપુસિંહ રાજપુત અને દાઉદસિંહ નારાયણસિંહ રાજપુતની ૨૪ નંગ બોટલ તથા બાઈક સહિતનો મુદ્દામાલ જપ્ત કરી પીએસઆઈ પી.સી.સરવૈયાએ તપાસ આરંભી છે.

# ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખે હોસ્પિટલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલની મુલાકાતે આજે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર અને આરોગ્ય સમિતિના આશાબા એ મુલાકાત લીધી હતી. હોસ્પિટલના વિવિધ વોર્ડમાં ફરીને દર્દીઓની સાથે વાતચીત કરીને માહિતી મેળવી હતી. ત્યારબાદ જરુરી સુચનો સતાવાળાઓને ધ્યાને મુકયા હતા. આ પ્રસંગે સિવિલના અધિકારીઓ હાજર રહ્યા હતા.



ગાંધીનગર સિવિલની અચાનક જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર અને આરોગ્ય સમિતિના ચેરમેન આશાબાએ મુલાકાત લીધી હતી. સિવિલમાં રોજબરોજ ઉઠતી ફરિયાદોને પગલે આજે પ્રમુખ અને આરોગ્ય સમિતિના ચેરમેન સિવિલ ખાતે દોડી આવ્યા હતા. સ્વચ્છ ભારત મિશન અંતગર્ત મુલાકાતે આવેલા હોવાથી હોસ્પિટલમાં સ્વચ્છતા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ અને આરોગ્ય સમિતિના ચેરમેન આશાબાની સાથે સિવિલના આરએમઓ ડો. કલ્પેશ શાહ, સેનેટરી ઈન્સ્પેકટર ભરત બારોટ, પ્રકાશભાઈ સહિત અન્ય કર્મચારીઓ જોડાયા હતા. સિવિલમાં ઓપીડી, ફીજીયોથેરાપી, ગાયનેક વોર્ડ, હિમોડાયાલિસીસ, આઈસીસીયુ સહિતના વિભાગોમાં ગયા હતા અને દર્દીઓના ખબર પુછીને સિવિલમા મળતી સેવાઓ વિશે પુછપરછ કરી હતી. જયારે સિવિલની સફાઈ જોઈને પ્રમુખ અને ચેરમેન પ્રભાવિત થયા હતા. સિવિલ અંગે જરુરી સુચનો પણ આપ્યા હતા. જેમાં દરેક વોર્ડની બહાર ફરજીયાત પગ લુછણીયા રાખવા અને દર્દીઓના સગાઓના બુટ-ચંપલ બહાર મુકવા માટે સ્ટેન્ડ રાખવા અંગે સુચન કર્યું હતું. બે કલાકના રાઉન્ડ બાદ તેઓ પરત ફર્યા હતા.


# શહેરીજનો ઈન્મકટેક્ષની ગણતરીઓમાં ગળાડુબ

## રોકાણ માટે આ મહિનો જ આખરી જેથી બાદ મળતા રોકાણોની થઈ રહેલી સમીક્ષાઓ, નોકરીયાત વર્ગની આવકનો ચોપડો ખુલ્લો

ગાંધીનગર, તા.૧૧

એસેસમેન્ટ વર્ષ ૨૦૧૬-૧૭માં ભરવાના થતા આવક વર્ષ ૨૦૧૫-૧૬ના ઈન્કમટેક્ષ અંગેની શહેરીજનો ગણતરીઓ માંડવા લાગ્યા છે. ઈન્કમટેક્ષમાંથી બાદ મળતી રાહતો (રોકાણો)ની સમીક્ષાઓ કરી ગોઠવણ કરવામાં વ્યસ્ત બન્યા છે. નાના કરદાતાઓ તેમજ મોટા કરદાતાઓ માટે બાદ મળતા રોકાણો કરવા ફકત આ મહિનો જ આખરી હોવાથી હાલ હિસાબો-કિતાબોના લેખાજોખા જોવાઈ રહ્યા છે. જો કે નોકરીયાત વર્ગની આવક દફતરે ચોખ્ખીને ચટ જ દેખાતી હોઈ ઈન્કમટેક્ષની ગણતરીમાં સરળતા બની જતી હોય છે. આમ એકંદરે ઈન્કમટેક્ષ ભરવા પાત્ર થશે કે નહીં તે માટે આ માર્ચ મહિનો આખરી છે જેથી દરેક વ્યવસાયીઓ વ્યસ્ત બન્યા છે.

સરકાર દ્વારા નક્કી કરાયેલા કરના માળખા સંબંધીત આવક મુજબ ઈન્કમટેક્ષ ભરવો પડતો હોય છે અને ૨૦૧૫-૧૬નાં વર્ષની કુલ આવક રૂ. ૨૫૦૦૦૦થી વધારે હોય તો ટેક્ષની ગણતરી કરવી પડે છે. ઈન્મકટેક્ષના માળખા મુજબ એસેસમેન્ટ વર્ષ ૨૦૧૬-૧૭માં ભરવાના થતા ઈન્કમટેક્ષ માટે રૂ. ૨૫૦૦૦૦ સુધી કર ભરવાનો થતો નથી જયારે રૂ. ૨૫૦૦૦૦થી




૫૦૦૦૦૦ સુધીની વાર્ષિક આવક થયેલ હોય તો સરકારે નક્કી કરેલા રોકાણો બાદ કરી ૧૦ ટકા મુજબ ટેક્ષ ભરવાપાત્ર બને છે. રૂ. ૧૫૦૦૦૦ સુધીના સરકારે નક્કી કરેલા રોકાણો કુલ આવકમાંથી બાદ મળતા હોય છે. જેમાં પ્રોવિડંડ ફંડ, બિમા પ્રિમીયમ, બાળકોની ફી, હાઉસીંગ લોનનું વ્યાજ, પોષ્ટના અમુક રોકાણ તથા અન્ય નિયત રોકાણ બાદ મળે છે જયારે મેડીકલેઈમ અને વ્યવસાયવેરા એ મુળ આવકમાંથી બાદ થઈ જતો હોય છે. ભરવાપાત્ર ઈન્કમટેક્ષમાંથી ૮૭ (એ), હેઠળ હાલમાં રૂ. ૨૦૦૦ રીબેટ મળે છે જે સરકારે નવા વર્ષથી રૂ. ૫૦૦૦ કરેલ છે.

વ્યવસાયિકોએ વર્ષ ૨૦૧૫-૧૬માં થયેલી આવકની ગણતરીઓ ઉપર જણાવેલ ઈન્કમટેક્ષના માળખા મુજબ શરૂ કરી દીધી છે. ૮૦ (સી) હેઠળના રોકાણો તથા ૮૦ (ડી) હેઠળના રોકાણો કરવા માટે ફકત હવે વીસ દિવસનો જ સમય બાકી છે જેથી બેંકોમાં ડિપોઝીટ, પીપીએફ, પોષ્ટ અને વિમા કચેરીએ હાલ પુછપરછો વધી ગઈ છે. જો કે નોકરીયાત વર્ગની નક્કી આવક સામે થયેલ ખર્ચાઓ અને રોકાણો બાદ કરતાં ઈન્કમટેક્ષનું ગણિત તાત્કાલિક સંભવિત બને છે પરંતુ પેઢીઓ, કંપનીઓ અને અન્ય વધારે ટર્ન ઓવર ધરાવતા વ્યવસાયિકો માટે હિસાબો સરભર કરવા રાત દિવસ એક કરવા પડી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં સૌથી વધુ નોકરીયાત વર્ગ હોઈ ફકત રોકાણની જ સમીક્ષાઓનો સવાલ ઉભો થયેલ છે જે મુજબ ઈન્કમટેક્ષ ભરવા પાત્ર બની શકે છે. છતાં હાલમાં ઠેર ઠેર ઈન્કમટેક્ષની ચર્ચાઓ વેગવાન બની છે.

## બાજખેડાવાળ અવસાન

ગાંધીનગર, તા.૧૧

રાજય સરકારના પંચાયત વિભાગના નિવૃત્ત સંયુકત સચિવ, મા ગાયત્રીના ઉપાસક તેમજ ગાંધીનગર સ્થિત બાજખેડાવાળ મંડળના અગ્રણી વડીલ મહોદય નિરંજનભાઈ જે. જોષીનું ૭૩ વર્ષની વયે તા. ૧૧-૩-૨૦૧૬ના રોજ દેહાવસાન થયેલ છે. તા. ૧૯-૩-૨૦૧૬ને શનિવારના રોજ સે-૭, પટેલવાડી ખાતે તેમના કુટુંબીજનોએ સદગતના આત્મશાંતિ હેતુ પ્રથા મુજબ નોંમુ યોજેલ છે.

## ચિરવિદાય

- સ્વ. રૂખીબેન ભીખાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. નિરંજનભાઈ જમીયતરામ જોશી, ઉ.વ. ૭૨
- સ્વ. નરેન્દ્રસિંહ સોમસિંહ ચૌહાણ, ઉ.વ. ૩૨